R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 10 DATE: 10-03-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## એનડીએ સરકારમાંથી તેલુગુ દેશમ પક્ષે છેડો ફાડ્યો

આંધ્રપ્રદેશને વિશેષ દરજ્જો આપવાના મામલે કેન્દ્ર સરકાર તરફથી કોઈ પ્રતિભાવ ન મળતાં રોષે ભરાયેલ તેલુગુ દેશમ પાર્ટીએ મોદી સરકારથી છેડો ફાડી નાંખવાની જાહેરાત કરી હતી. અને આ અંતગર્ત પાર્ટીના બે મંત્રીઓએ કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું હતું.કેન્દ્ર સરકાર તરફથી આંધ્રપ્રદેશને વિશેષ રાજ્યનો કોઈ દરજ્જો મળવાની નકકર ખાત્રી ન મળતાં પાર્ટીના નેતા અને રાજ્યના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ તેમના કેબિનેટ મંત્રીઓ અને સાંસદ અશોક ગજપતિ રાજુ અને જાૅય કક્ષાના મંત્રી વાય.એસ.ચૌધરીને રાજીનામું આપવાનો આદેશ આપી દીધો હતો.

આ સંદર્ભમાં રાજ્યની પાટનગરી અમરાવતીમાં ટીડીપીના ધારાસભ્યોની બેઠક મળી હતી. જેમાં બહુમત ધારાસભ્યોએ ભાજપ સાથે છેડો ફાડવાની સંમતિ આપી દીધી હતી.બેઠકમાં ૧૨૫ સભ્યોની હાજરી હતી.કેન્દ્ર સરકારે વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની તૈયારી બતાવી નહોતી પરંતુ રાજ્યને વિકાસ માટે આર્થિક સહાય આપવાની સાંત્વના આપી હતી. આ અંતગર્ત વિજયવાડા, વિશાખાપટ્ટમ માટે એક મેટ્રો રેલ પ્રોજેકટને મંજુરીની પણ કેન્દ્રએ તૈયારી બતાવી હતી.ચંદ્રાબાબુ નાયડુએ કહ્યુ હતું કે રાજ્યના વિભાજન સમયે મોદી સરાકરે રાજ્ય માટે વિશેષ પેકેજનું જે વચન આપ્યું હતું તે નિભાવવું જોઈએ.એપી રિઓર્ગેનાઈઝેશન એક્ટ ૨૦૧૪નું સન્માન કરવા માટે કેન્દ્રને તાકિદ કરી હતી. બેથી ત્રણ દિવસમાં આ મામલે સ્પષ્ટતા કરવા કહ્યુ હતું. આધ્રપ્રદેશ સ્પેશીયલ કેસ છે. તેમ કહીને તેમણે જણાવ્યુ હતું કે પુર્વોત્તરના રાજ્યોને જે રીતે ઊદ્યોગોમાં રાહત અપાય છે તેવી રાહત કેન્દ્ર સરકાર તરફથી મળવી જોઈએ.ચાર વર્ષ સુધી મે કોઈ આવી માંગણી કરી નહોતી.મને આશા હતી કે ભાજપ અમારો સાથીદાર છે અને અપાયેલા વચન પ્રમાણે આગળ વધશે.ચંદ્રબાબુએ કહ્યુ હતું કે મે તેમની સાથે અન્ય રાજ્યોની જેમ ફેડરલ માળખામાં રહીને કામ કર્યુ હતું.મારા રાજ્યના લોકો અપમાનિત થયા છે.અને હુ જો એમનો અવાજ ન બનું તો તેઓ મને માફ નહીં કરે. એમ તેમણે વિધાનસભામાં રાજ્યપાલના અભિભાષણ પર બોલતાં કહ્યુ હતું.

આંધ્રની આ માંગણીથી કેન્દ્ર સરકાર મુઝવણમાં પડી ગઈ છે તે માને છે કે વિશેષ રાજ્યનો દરજ્જો ટીડીપીની માંગણીને તે એટલા માટે સંતોષી ના શકે ક તેમને ભવિષ્યમાં બીજા રાજ્યોની આ રીતની માંગણી આવે તો તે તેમ ના કરી શકે.તેણે ધરમુળમાંથી નિયમોમાં બદલાવ લાવવો પડે.જો કે નાણાં મંત્રી અરુણ જેટલીએ કહ્યુ હતું કે આંધ્રપ્રદેશને આવકમાં જે ખાદ્ય પડી રહી છે તેની ભરપાઈ નાણાં પંચની જોગવાઈ મુજબ કરી દેવામાં આવી છે.અને તેમ છતાં જરુર પડે તો આંધ્રને ફંડ આપવા માટે કેન્દ્ર તૈયાર છે.પરંતુ તેને વિશેષ દરજ્જો નહીં મળે. જો ટીડીપીના બે મંત્રી સાંસદોની સાથે વડાપ્રધાને વાતચીત કરી હતી તેમજ ચંદ્રાબાબુ નાયડુ સાથે પણ વાતચીત કરી હતી પરંતુ સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નહોતો અને તેથી ટીડીપીના મંત્રી સાંસદોએ રાજીનામા આપ્યા હતા. સામે પછે આંધ્ર પ્રદેશની સરાકરમાંથી ભાજપના મંત્રીઓએ પણ રાજીનામાં આપ્યા હતા.

કોગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીએ જણાવ્યુ હતું કે ટીડીપીને જો કોગ્રેસ ૨૦૧૯માં ચુંટાશે તો તેમાં સહકાર આપશે તો તેઓ આંધ્રપ્રદેશને વિશેષ દરજ્જા આપવાનું સૌ પ્રથમ કામ કરશે.હવે ટીડીપી કોગ્રેસનો સહકાર લે છે કે કેમ તે જોવાનું રહ્યું. મહારાષ્ટ્રમાંથી શિવસેનાએ ભાજપનો સાથ છોડી દીધો છે. ધીમે ધીમે એનડીએ ના સાથી પક્ષો છુટા થવા માંડ્યા છે.

## શ્રીલંકામાં ઇમર્જન્સી લાગુ હોવા છતાં બૌધ્ધ અને મુસ્લીમો વચ્ચે કોમી રમખાણો

શ્રીલંકામાં ઈમર્જન્સી લાગુ હોવા છતાં મુસ્લીમ વિરોધી રમખાણોમાં કોઈ ફર્ક પડ્યો નથી.રસ્તાઓ અને શહેરોમાં ચાંપતો બંદોબસ્ત હોવા છતાં બૌધ્ધ સંપ્રદાયના લોકોએ સતત બીજા દિવસે પણ મુસ્લીમ સંપ્રદાયના વિસ્તારોમાં પથ્થરમારો કર્યો હ તો. અને કેટલીક દુકાનો બાળી નાંખી હતી.સરકારે પરિસ્થિતિ ઉપર કાબુ મેળવવા માટે સોશ્યલ મીડીયા પર પ્રતિબંધ મુક્યો હતો.પોલીસે ઘણા વિસ્તારોમાં સ્થિતિ કાબુમાં લેવા માટે કર્ફ્યુ લાદી દીધો હતો.

સમાચારો મળ્યા તે મુજબ બૌધ્ધ સમુદાયનું ટોળુ મોટા પ્રમાણમાં હથિયારો સાથે બહાર નીકળી પડ્યું હતું. અહીયા બેઉ સંપ્રદાયના લોકો વચ્ચે પથ્થરમારો અને મારામારી થઈ હતી.આ દરમિયાન બે મસ્જીદો અને કેટલીક દુકાનોમાં આગ લગાડાઈ હતી.છેલ્લા એક અઠવાડીયાથી આ વિસ્તારોમાં ભારે કોમી તંગદીલી પ્રવર્તી રહી હતી.અહીયા થયેલા નુકશાનનો અંદાજ હાલમાં કાઢવામાં આવ્યો નથી.સિહાલો તરફથી મુસ્લીમ વિસ્તારોમાં ભારે તોડફોડ કરવામાં આવી હતી.પોલીસે પરિસ્થિતિને રોકવા લીધેલા પગલાંમાં ત્રણ પોલીસ જવાનોને ઈજા પહોચી હતી.

સરકાર દ્વારા કેન્ડી અને તેની આસપાસના વિસ્તારોમાં ઈન્ટરનેટૉ અને સોશ્યલ મીડીયા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.ખાસ કરીને ફેસબુક,વોટ્સઅપ,વાઈબર અને ઈન્સ્ટાગ્રામ ઉપર પ્રતિબંધુ મુકી દેવાયો છે.સુત્રોના જણાવ્યા મુજબ રાજધાની કોલંબોમાં પરિસ્થિતિ કાબુમાં લેવાઈ છે. અને સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. પરંતુ સોશ્યલ મીડીયા ઉપર સરકારે વોચ મુકી છે.જો કે શ્રીલંકામાં ગૃહયુધ્ધની સ્થિતિ બાદ સર્જાયેલ કોમી રમખાણોની સ્થિતિ દેશમાં અફરાતફરીનો માહોલ સર્જ્યો છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

## મહિલા દિનની ઉજવણીની સાથે સરકારે રાજયમાં મહિલાઓની સલામતી માટે ચિંતા સેવવી જરુરી છે

૮મી માર્ચ એટલે મહિલા દિન,આખુ વિશ્વ મહિલા દિને મહિલાઓના માટે જાગૃત બની જાય.મહિલાઓની સલામતી અને તેમના આદર માટે મોટા મોટા પ્રવચનો અને સેમિનારો યોજાય છે. પરંતુ ખરેખર જ્યારે મહિલાઓના આદર અને સલામતીનો સવાલ આવે છે ત્યારે તંત્ર એકદમ નબળું સાબિત થાય છે.તાજેતરમાં વિધાનસભામાં કોગ્રીસી ધારાસભ્ય દ્વારા પુછાયેલા પ્રશ્ન મુજબ રાજ્યમાં કેટલી મહિલાઓ ગુમ થઈ તે હતો.સવાલના જવાબમાં ગૃહ વિભાગ દ્વારા કહેવાયું હતું કે છેલ્લા બે વર્ષમા ૧૩,૫૭૪ મહિલાઓ ગુમ થઈ હતી.મહિલાઓની સલામતી માટે સરકારની નિક્રિયતા અને નિષ્ફળતા સાબિત કરતાં આંકડા છે.ત્યાર બાદ કહેવાયું હતું કેગુમ થયેલ મહિલાઓમાંતી ૧૦,૨૭૨ મહિલાઓ મળી આવી હતી.એટલેકે ૩૩૦૨ મહિલાઓ મળી નથી.આ ગુમ થયેલી મહિલાઓ શોધી કાઢવા માટે સરકારે શું કર્યું તેનો જવાબ અધુરો છે.સરકારી ખર્ચે મહિલા સંમેલનો યોજવા,જાહેરાતો આપવી, બેટી બચાવો,બેટી પઢાઓ સુત્રો પોકરવા માંથી સરકાર તેમની સફળતા બતાવે છે.જો કે ગૃહમંત્રીના કહેવા મુજબ ૧૫ થી ૧૮ વર્ષની વયની કન્યાઓ પ્રેમ પ્રકરણના કારણે ઘર છોડી જતી રહેતી હોવાની સંખ્યા વધારે છે.

કોઈપણ કારણો હોય પરંતુ સરકારે ગુમ થયેલાઓને શોધી કાઢવા જરુરી છે જેથી જેમના સ્વજનો ગુમ થયા હોય તેમને માનસિક ત્રાસમાંથી મુક્તિ આપી શકાય.

## કર્ણાટકના લોકાયુક્ત જસ્ટીસ શેટ્ટી પર ઓફિસમાં જ હિંસક હુમલો

દેશમાં ન્યાયતંત્ર ઉપર જો હુમલા કરવામાં આવશે તો ન્યાયતંત્રની કેડ ભાંગી જશે અને લોકતંત્રની પડતી થશે. કર્ણાટકમાં લોકાયુક્ત જસ્ટીસ પી.વિશ્વનાથ શેટ્ટી પર એક શખ્સે ઓફિસમાં જ ચાકુથી હુમલો કર્યો હતો.જો તેમની તબિયત સ્થિર છે.પોલીસે જણાવ્યા મુજબ હુમલાખોરે જસ્ટીસ ઉપર ત્રણ વાર ચાકુના ઘા માર્યા હતા.બેગલુર પોલીસે આરોપી તેજસ શર્માની ધરપકડ કરી છે.જાન્યુ.૨૦૧૭માં જસ્ટીસ શેટ્ટીએ કર્ણાટકના લોકાયુક્તનો પદભાર સંભાળ્યો હતો.તેમના અગાઉ જસ્ટીસ વાય.ભાસ્કરરાવ લોકાયુકત હતા.પરંતુ ડિસે.૨૦૧૫માં રાવના દીકરા પર ગોટાળાનો આક્ષેપ થયા બાદ તેમણે સરકાર અને લોકોના દબાણને કારણે રાજીનામું આપવું પડ્યું હતું.




તેલુગુ દેશમ પાર્ટીએ એનડીએ સાથેનો પોતાનો સબંધ પુરો કર્યો.એનડીએએ આંધ્રપ્રદેશને વિશેષ રાજ્યનો દરજ્જો નહીં આપતાં તેલુગુ દેશમ પાર્ટી એનડીએ સાથે સબંધો તોડી નાંખ્યા હતા.એ પહેલાં તેલુગુ દેશમના સાંસદોએ એનડીએ સરકારનું ધ્યાન દોરવા માંટે દેખાવો યોજયા હતા તેની તસવીર

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

સત્તા મેળવાયાના કેટલાક સમયમાં જ હિંસા અને તોડફોડ કરીને ભયનું વાતાવરણ ઉભુ કરવાનો પ્રયાસ લોકશાહીને ગુંગળાવી નાંખવાનો પ્રયત્ન છે.જુદી જૂદી જગ્યાઓ પર બાબા આંબેડકર, લેનીન,ગાંધીજી અને પેરિયારની પ્રતિમાઓને ખંડિત કરી નાંખનારાઓ દેશમાં  શું સંદેશો આપવા માંગે છે તે હવે કહેવું સહેલું બની ગયું છે.

ત્રિપુરામાં સામ્યવાદી નેતા લેનિનની પ્રતિમા ખંડિત કર્યા બદા આ ઘટનાને કેટલાક ભાજપના નેતાઓ દ્વારા સમર્થન અપાયું હતું.આ બાદ દેશભરમાં ભાજપના કાર્યકર્તાઓએ આવી જ રીતે અન્ય કેટલાક નેતાઓની પ્રતિમાઓ ખંડિત કરી હતી.તેના જવાબમાં વિપક્ષી કાર્યકરોએ પ્રત્યાઘાત આપ્યા હતા.જો કે નરેન્દ્ર મોદી અને અમિત શાહે આ પ્રકારની ઘટનાઓની નિંદા કરી હતી.પરંતુ તેની કોઈ અસર દેખાતી નહોતી.દલિત નેતા પેરિયાર, જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુકરજી,બંધારણના ઘડવૈયા બાબા સાહેબ આંબેડકર, ગાંધીજી વિગેરેની પ્રતિમાઓ નુકશાન પહોચાડવામાં આવ્યુ.આ પ્રકારની રાજનીતી પાછળ જવાબદાર કોણ છે ? શું હિંસાનું આચરણ કરીને, તોડફોડ કરીને દેશને ક્યો સંદેશો પાઠવવામાં આવી રહ્યો છે?

સત્તા પર બેઠેલા શાણા નેતાઓ પાછલી બારીએ બંધારણને છિન્ન ભિન્ન કરવાની પેરવી કરી રહ્યા છે.સુપ્રીમ કોર્ટના ચાર જજોએ પ્રેસ કોન્ફરન્સમાં ઉઘાડી વાત કરી દીધી કે દેશની લોકશાહી ખતરામાં છે. જજોએ જે ભીતી વ્યક્ત કરી તેમાં તમામ વસ્તુઓ આવી ગઈ છે.તમે વિરોધ કરો તો તમને તમારા કુટુંબીજનોને તોડી પાડવામાં આવે અને તેમાં તમામ પ્રકારના હથ્થકંડા અપનાવવામાં આવે અને પાછા મોટા નેતાઓ તેમના ચઢાવેલા કાર્યકરોને આવું નહીં કરવાની સુફિયાણી સલાહો આપે, દેખાડા માટે આવું બધુ કરવું જ પડે.દેશનું વ્યવસ્થા તંત્ર ડામાડોળ, આર્થિક પરિસ્થિતિનું કોઈ ઠેકાણું નથી માત્ર જુઠ્ઠા વચનો અને આંકડાઓ રજુ કરવા, મોટો મોટા ઉત્સવો,સમારોહ કરીને લોકોની આંખમાં ભુરકી નાખવી.બાકી હતું તે બેન્કોમાં વેપારીઓએ દેશને ચુનો લગાવી દીધો અને હવે તેમની પાસે દેશમાં પાછા ફરવાનો સમય જ નથી.કાયદો ક્યારેય આટલો નબળો તો નહોતો. ૭૦ વર્ષમા આટલું બધુ ખરાબ થયું નહોતું.

## મંતવ્ય

દેશનું દુર્ભાગ્ય એ છે કે ઘટનાોમાં સમર્થન આપનારા અને ભાગ લેનારા પાછળથી તેમનો લાગભાગ નથી એમ કહીને છુટી પડે છે. યા તો પ્રજાનો આક્રોશ હતો તેથી આમ બન્યું.ભુલો કરી કરાવીને તેમાંથી છુટી જવું તે કેટલાક નેતાઓની ખાસિયત છે.દેશમાં અત્યાર સુધી થયેલા કોમી રમખાણો કે હિંસક ઘટનાઓમાં જોઈએ તો અન્યના દોષોને કારણે ઘટનાઓ ઘટી છે તેથી તેમણે કરેલી હિંસા કે મિલ્કતોને કરેલ નુકશાનનો કોઈ દોષ તેમના પર મુકવામાં આવતો નથી.ભુતકાળમાં બનેલ અનેક બનાવોમાં જોતાં કોઈપણ અનાયાસે થયેલા તોફાનો નથી હોતા. માત્ર મકસદથી ઉભા કરાયેલા જ તોફાનો માલુમ પડ્યા છે. પરંતુ પુરાવાની કોર્ટોમાં તે સાબિત થતાં નથી યાતો સત્તાપક્ષના સાથીદાર હોવાને કારણે પોલીસ કાર્યવાહીમાં છટકી જવાની તરકીબો ગોઠવેલી હોવાથી કોઈ ભારે નુકશાન તોફાનીઓને પહોચતું નથી.

થોડાક કેસોમાં જજો મજબુત હોવાને કારણે તોફાનીઓને સજા મળી છે અને છુટી જવાના દ્વાર બંધ થઈ ગયા બાદ પણ કેસો ફરીથી ખોલાયા છે અને સાક્ષીઓને ફેરવી નંખાયા છે.અને કદાચ ફરીથી નિર્દોષ છુટી જવાની તકો ઊભી કરાઈ છે.આ લોકશાહીનો અદ્‌ભુત નજારો છે.

જજો ઉપર એવું દબાણ કરવામાં આવે કે તેઓ પણ તેમની જવાબદારી અને ફરજો ભુલી જાય એવું બની શકે.કેસમાંથી બરી કરી દેવા માટે હમણાં એક કેસમાં ભારે ઉલટ સુલટ કાર્યક્રમ ચાલી રહ્યો છે.સોહરાબુદીન કેસ ફોલ્સ એન્કાઉન્ટર માંથી છુટવા માટે આરોપીઓએ બીજા અનેકને યમસદન પહોચાડી દીધા તેવી હકીકતો બહાર આવી રહી છે.લોકશાહીના ચારેય સ્તંભો નબળા પડી રહ્યા છે કે શું. ?

ઉદય પી. સોલંકી



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં  અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર  અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# સૌને પ્રભાવિત કરવાના ઊધામાઓથી બચીએ

સૌનું ધ્યાન પોતાના તરફ આકર્ષાય એવી ધખણા સેવતો માણસ કેટલીક વાર પોતાને હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકી દેતો હોય છે.બીજો પ્રભાવિત કરવાની ઈચ્છા દરેકને હોય છે. પરંતુ આવી ઈચ્છા હઠ બહાર વકરે ત્યારે મનોવિકૃત્તિનું સ્વરુપ ધારણ કરે છે.અધુરો ઘડો છલકાય, એ કહેવતને ચરિતાર્થ થતી જોવી હોય તો જાહેર સમારંભોમાં બીજાને પ્રભાવિત કરવા ઉધામા આચરતા માણસોની આજુબાજુ ગોઠવાઈ જવું.ટોળાને પ્રભાવિત કરવાની ઈચ્છા ધરાવતા માણસોની ઓળખ મેળવી લઈએ : જાહેર સ્થળો પર પોતાના ભવ્ય પોષાકથી બધાને આંજી દેવાની પેરવીમાં રહેતા માણસો તમે જોયા હશે.શરીરને ઢાંકવાને બદલે ખુલ્લુ કરે એવા વસ્ત્રો ધારણ કરનાર માણસ બધાનું ધ્યાન ખેચવામાં સફળ થાય છે. ઊંચા અવાજે છટાદાર ભાષણ ઠોકતો માણસ પોતાની આજુબાજુ દસ પંદર માણસોનું ટોળું એકત્ર કરીને ઊભો હોય તો સમજી લેવું કે મહાશય બધાને પ્રભાવિત કરવાની વેતરણમાં છે.એક લગ્ન સમારંભમાં ટોળું ભેગું કરીને સૌને પોતાના પરાક્રમો સંભળાવતા શુરવીરને કન્યાના પતાએ બે હાથ જોડીને કહેવુ પડેલું , સર, આપ ગયા અઠવાડિયે પ્રેસિડેન્ટ બરાક ઓબામા સાથે વાઈટ હાઉસમાં ડિનર લઈ આવ્યા એ માટે અભિનંદન.પરંતુ તમે આ બધી વાતો બહાર જઈને કરો તો સારુ. તમને સાંભળવામાં ગોર મહારાજ લગ્ન વિધિ તરફ ધ્યાન આપી શકતા નથી. ટ્રેનમાં, બસમાં, રેલ્વે પ્લેટફોર્મ પર, સ્મશાનમાં અને બેસણાંમાં સર્વત્ર બીજાને પ્રભાવિત કરવાની ઈચ્છા ધરાવતા એકાદ બે શુરવીરો તમને જરુર થી ભટકાશે.એક વાર અમે પબ્લીક ગાર્ડનમાં ઈવનિંગ વોક માટે ગયા હતા. એ સમાજ સેવક જેવો દેખાતો પ્રોઢ વયનો માણસ મોટા થેલામાં પાંચ રુપીયાના બિસ્કિટના પેકેટ લઈને ત્યાં આવી પહોચ્યો.એમની સાથે એક ફોટોગ્રાફર પણ હતો. ગાર્ડનમાં એમણે ફરતા બાળ ભિખારીઓને એકત્ર કરીને બિસ્કીટ વહેચવાનું શરુ કર્યું. સમાજ સેવક પંદર વિસ પેકેટ વહેચ્યા. ફોટોગ્રાફરે ફોટા ખેચી લીધા, અને ખેલ પુરો થયો.પત્નીએ મને પુછ્યું : આ બધું શું હતું ! મે સમજાવ્યું :આ વિશિષ્ઠ પ્રકારની સમાજસેવા છે. સમાજસેવકે ગરીબ બાળકોને બિસ્કીટ વહેચ્યા તેનો ફોટો આવતી કાલે અખબારમાં છપાશે. એમણે માત્ર બિસ્કીટ વહેચ્યા છે. પરંતુ બિસ્કીટ અર્પણ કાર્યક્રમના ફોટા નીચે લખાયું હશે: ગરીબ બાળકોને બિસ્કીટ અને શુધ્ધ ઘીની સુખડી વહેચવામાં આવ્યા હતા.આપણે બાળ ભિખારીઓના ફોટા જોઈને હરખાવવાનું.કોઈ પણ માણસ બીજાને પ્રભાવિત કરવા આવા ખેલો પાડવાની જરુર કેમ પડે છે ? પોતાના તરફ બધાનું ધ્યાન આર્કષિત કરવાથી શો ફાયદો ? યુવામિત્રો સાથે વ્યક્તિત્વ વિકાસના સિધ્ધાંતો ચર્ચતી વખતે બધાને પ્રભાવિત કરવાના માર્ગો અંગે પણ વાતો થાય છે.બધા પર છવાઈ જવાની ઈચ્છા સહજવૃત્તિઓનો જ એક ભાગ છે. પરંતુ જ્યારે એ ઈચ્છાનો અતિરેક થાય ત્યારે એ સહજવૃત્તિ મટીને મનોવિકૃત્તિ બની જાય છે. એક ચિંતકે કહ્યું છે : આપણે બીજાને પ્રભાવિત કરવાનું છોડી દઈએ અને માત્ર પોતાને જ પ્રભાવિત કરી શકીએ તોય એ પુરતું છે.કોઈના લગ્ન પછી યોજાયેલા સન્માન સમારંભમાં ગયેલા માણસ દસ પંદર માણસોનું ટોળું ભેગુ કરીને ભાષણ ઠોકવાની ચેષ્ઠા શા માટે કરે ? સૌના ધ્યાનનું કેન્દ્ર તો વર-કન્યા હોવા જોઈએને, તેઓ વચ્ચે ક્યાંથી ટપકી પડ્યા ? કિંમતી વસ્ત્રો અને ઘરેણા પહેરીને અન્ય સૌને પ્રભાવિત કરવાની ઈચ્છાને અનિષ્ઠ ન ગણીએ તો ચાલે કારણ કે  એવું કરનારા બીજાને તકલીફ પહોચાડવા વગર ચુપચાપ પોતાની જાહેરાત કરતા હોય છે.જો કે શરીર પર શોભાયમાન પાંચ લાખ રુપીયાના સુટથી કે બે લાખ રુપીયાની સાડીથી પ્રભાવિત થનાર મુર્ખ માણસો કેટલા ?કાંડા પર બંધાયેલી ઘડિયાળ, પ્રાગણમાં પાર્ક થયેલ એંસી લાખની કાર કે ગળામાં લટકતો અમુલ્ય(વર્થલેસ)નેકલેસ કેટલા માણસોને પ્રભાવિત કરી શકે ?છતાં બધાને પ્રભાવિત કરવા અખત્યાર થતા આ ઉધામાઓ નિર્દોષ સ્વરુપના છે અને તેથી ક્ષમાને પાત્ર ગણાય.પરંતુ ગાંધી,કૃષ્ણ કે મહાવીર જયંતીના ઉપલક્ષમાં યોજાયેલ વ્યાખ્યાન કાર્યક્રમમાં વ્યાખ્યાન શરુ થાય તે પુર્વે પોતાનો પ્રભાવ પાથરવા કોઈ પરાક્રમી પુરુષ એવું બોલતા સંભળાય કે બોસ, મારી દારુની બોટલ પાંચ હજારની થાય છે.તમે મહિને દસ હજારમાં ઘર ચલાવવાની વાત કરો છો ? સદાચાર અને સંયમની વાતો એકવીસમી સદીમાં બકવાસ છે.... જિંદગી જલસા કરવા માટે છે બોસ .તો શું સમજવાનું ? આપણે નમ્રતાથી ધીમા અવાજે એમને એટલું જરુર પુછી શકીએ : તમે આ વ્યાખ્યાનમાળામાં કઈ રીતે ભુલા પડ્યા, બોસ. સાચું પુછો તો બીજાને પ્રભાવિત કરવાના ઉધામા જ ગલત છે.અનિચ્છનીય છે અને માણસે ખ્યાતિ મેળવવા કદી એવા ડ્રામા કરવા તરફ ન વળવું જોઈએ. બીજા પર છવાઈ જવાન પેરવીમાં રહેતો માણસ છેવટે ઓળખાઈ જાય છે. પકડાઈ જાય છે અને શાણા  તથા સમજદાર માણસોનો આદર ગુમાવે છે. સમાજમાં હાસ્યાસ્પદ ઠરે છે.માણસ માનવ મેદની સમક્ષ પોતાનો પ્રભાવ પાથરવાની કોશિશ કેમ કરે છે ?કોઈનો આદર પ્રાપ્ત કરવા માટેનો એ શોર્ટકટ છે. ઘણા બધા માણસોની નજરમાં વસી જવા માટેનો એ કીમીયો છે. લોકોને પ્રભાવિત કરવા માટે ડંફાસો મારવી પડે છે.જુઠુ બોલવું પડે છે.(ખુદ મુખ્યમંત્રીને ફોન કરીને મને સંસદની ચુંટણી માટે ટિકીટ ાપવાની વાત કરી હતી પરતું આપણે સમાજસેવા છોડીને કીચડમાં શું કામ ચોખ્ખી ના પાડી દીધી બોસ.બધાની ખુશામદ કરવી પડે અને બધાની સામે કથક નૃત્ય પણ કરવુંપડે.વર્તનશાસ્ત્ર પ્રભાવ પાથરતા લોકોને અને પ્રભાવ હેઠળ આવી જતી જનતાને એક જ સલાહ આપે છે.: પ્રભાવ સાથે સબંધિત બંન્ને વર્તનોથી દુર રહે.જેમને સ્વંય પોતાને માટે આદર નથી તેઓજ બીજાનો આદર પામવા પ્રભાવ પાથરવાની કોશીશ કરે છે.પાંચ સાત શ્રોતાઓને ભેગા કરી ચટાકેદાર શૈલીમાં પોતાના પરાક્રમોની ડંફાસ મારતા સ્માર્ટ માણસોથી જરુર બચવું અને નવગજ દુર રહેવું . જ્યાં ને ત્યાં ટોળું જોઈને ધસી જઈએ તો કોઈને કોઈ વિદુષક આપણા પર પ્રભાવ પાથરી જાય તેવો પુરેપુરો સંભવ છે.જેઓ પ્રસંગની ગરિમા જાળવ્યા વગર કોઈ પણ ઠેકાણે પ્રભાવ પાથરવા અને આદર ઉઘરાવવા ઉભા થઈ જાય,એમને વળી આદર શાને આપવાનો ? વગર વિચાર્યે, કોઈના પણ પ્રભાવ હેઠળ આવવાથી બચીએ.

લેખક : વિશ્વામિત્ર (સૌ.સંદેશ)


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સંબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# ફાસીવાદી રાજ્યની રચના તરફ દેશ જઇ રહ્યો છે

અબ્દુલ શકીલ બાશા કે જે તેમના મિત્રોમાં શકીલ તરીકે જાણીતા છે. તેમની જુદા જુદા અપરાધોસર ૧૭મી જુન ૨૦૧૦ના રોજ ધરપકડ થઈ.તેમના પરનો મુખ્ય આક્ષેપ એ હતો કે તે પોતાના અન્ય મિત્રો સાથે ગુજરાતમાં માઓવાદી ક્રાંતિ શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છે.આવા જ આક્ષેપોસર ઘડાયેલા કર્મશીલોમાં શકીલ તેરમાં વ્યકિત છે.નકસલવાદી હોવાના આરોપસર જે કર્મશીલોની ધરપકડ થઈ તેમાં અવીનાશ કુણકર્ણી,ભરત પવાર,મકભાઈ ચૌધરી,જયરામ ગોસ્વામી અને ગુજરાતના જુદા જુદા ભાગોમાં કામ કરતા ખાસ કરીને આદીવાસીઓ અને કામદારોના આર્થિક હક્કો માટે કામ કરતા કાર્યકર્તાઓનો સમાવેશ થાય છે.તેઓ જ્યાં કામ કરે છે તે વિસ્તારોમાં કોઈપણ પ્રકારની હિંસાખોરી થયાના સમાચાર નથી.આપણે જાણીએ છીએ કે શકીલ ઘણાં લાંબા સમયથી કોમી એકતા,ગુજરાતની હિંસાખોરીનો ભોગ બનેલા લોકોને ન્યાય અપાવવા, રસ્તે રઝળતા બાળકોને રહેઠાણ મળે તે માટે તેમજ આવા ઘણા પ્રશ્નોના નિરાકરણ માટે કામ કરી રહ્યા છે. છેલ્લા થોડા વર્ષોમાં શાંતિને લગતા મુદ્દા તેમની ચિંતાનો વિષય બની રહ્યા છે.

શકીલને બાદ કરતાં મોટા ભાગના એ કર્મશીલો કે જેમની ગુજરાતની પોલીસે ધરપકડ કરી હતી તેમના કૃત્યો ભારતીય સંવિધાનની મર્યાદાઓમાં રહીને જ આચરવામાં આવ્યા હતા. એટલે કે સમાજના નબળા વર્ગો તરીકે તેમના સંઘર્ષો ‘ નાગરિક તરીકેના હક્કો‘ પર આધારિત હતા. ગુજરાતમાં ઘટેલી પ્રમુખ હિંસાખોરી સાંપ્રદાયિક ઢાંચાની હતી જે પહેલાં મુસ્લીમ લઘુમતીઓ વિરુધ્ધ આચરાઈ અને તે પછી ખ્રિસ્તી લઘુમતીઓ વિરુધ્ધ. એથી વિપરિત આમાંના કેટલાક કર્મશીલોનું કોમી સંવાદિતાને બઢાવો દેવાનું રહ્યું છે જેને કારણે વિહિપના સ્વામી અસીમાનંદ(વિહિપ કે જે આરએસએસ સાથે સંલગ્ન વિહિપના સ્વામી અસીમાનંદ જેવાઓના સમાજનું વિભાજન કરવાના પ્રયત્નો સામે વ્યવધાનરુપ છે. ) સ્વામી અસીમાનંદ અજમેરના આતંકી હુમલાના ગુનેગારો સાથે જોડાયેલા હતા અને હવે તેમની ધરપકડ થઈ છે.

રાષ્ટ્રવ્યાપી ધોરણે નકસલવાદીઓને પકડવાની શરુઆત થઈ.( ગ્રીન હન્ટ )ત્યારથી જે કર્મશીલો સંવૈધાનિક મર્યાદાઓમાં રહીને કામ કરતા હતા તેમને નિશાન બનાવવામાં ગુજરાતની પોલીસ પણ જરાય પાછળ રહી નથી.આપણે જાણીએ છીએ કે ગુજરાત ક્યારેય નકસલવાદીઓનો કાર્યપ્રદેશ રહ્યો નથી. આ (ગુજરાત) એક એવો વિસ્તાર છે જ્યાં ખાસ કરીને છેલ્લા બે દશકામાં આરએસએસના અનુયાયીઓ કાર્યશીલ છે. અને તેઓ ગુજરાતને “ આર્દશ હિંદુ રાજ્ય “ માં બદલી દેવા માંગે છે.જ્યારથી લઘુમતીઓ વિરુધ્ધની હિંસાખોરી તીવ્ર બની છે ત્યારથી ગુજરાત આદર્શ હિંદુ રાજય છે એવી બડાઈ મારવામાં આવે છે.મુસ્લીમ વિરુધ્ધની આક્રમક લાગણીઓ ૨૦૦૨ની ગુજરાતમાં કત્લેઆમમાં પરિણમી.૨૦૦૨ પછી ખ્રિસ્તીઓ પર સતત આક્રમણો થતાં રહ્યા છે. આ હિસાખોરી ગુજરાતનો પરિચય બની રહી.

જે કર્મશીલોની ધરપકડ કરવામાં આવી છે તેમાંના મોટા ભાગનાની વિરુધ્ધ ગુનાઈત કેસો થયા નથી.અને નકસલવાદી હિંસાખોરી અંગે તો કંઈજ સાંભળવામાં આવ્યુ નથી. સંચાર માધ્યમોના બેશુમાર પ્રચારને કારણે સામાજિક કર્મશીલોને બહુજ બદનામ કરવામાં આવ્યા છે.ત્યાં સુધી કે મેધા પાટકરે આદીવાસીઓના હક્કોનું રક્ષણ કરવા માટે આંદોલનો કર્યા તો તેમના પર શારીરીક હુમલાઓ કરવામાં આવ્યા. ‘ કર્મશીલો ‘ વિરુધ્ધ ભયંકર પ્રચાર એ ગુજરાતમાં પ્રવર્તમાન પરિપાટી બની ગઈ છે.

ગુજરાતમાં બનેલી શ્રેણીબધ્ધ રાજકીય ઘટનાઓ ઘણું બધું કહી જાય છે.સૌથી પહેલાં વિભાજન બાદ વલણો ઉભરાઈ આવે છે.ઘણા બધાં પરિબળો આ કોમવાદી વિભાજનને આગળ વધારે છે. જેને કારણે ગોધરા ટ્રેઈન બાળવાના બહાના હેઠળ મોટા પાયા પર મુસ્લીમોની કત્લેઆમ થાય છે. તે પછી ખ્રિસ્તી ધર્મગુરુઓ (મીશનરીઓ) ભોળા આદીવાસીઓનું ધર્માંતર કરે છે તેવી દલીલ આગળ ધરીને ખ્રિસ્તી વિરોધી હિંસાખોરીને છુટો દોર અપાય છે.આની સમાંતરે આદીવાસીઓનું હિંદુધર્મમાં આક્રમકરીતે ધર્માંતર કરવામાં આવે છે.અને તેને ‘ઘર વાપસી ‘ નો આંચળો ઓઢાડવામાં આવે છે.વનવાસી કલ્યાણ આશ્રમ દ્વારા, સ્વામીઓ અને સહયોગીઓ દ્વારા આદીવાસી વિસ્તારોમાં ઓળખના મુદ્દાઓને આગળ ધરવામાં આવે છે. આ બધાનું પરિણામ એ આવ્યું છે કે માનવ અધિકારના વિચારની સર્વાંગી અટકાયત થઈ ગઈ અને સામાજિક કર્મશીલોને દૈત્યરૂપે ઓળખવામાં આવ્યા. આમેય ગુજરાત સશક્ત સામાજિક આંદોલનો માટે જાણીતું નથી અને સામાજિક સક્રિયતાના નામે જે કંઈ થોડી પ્રવૃતિ ચાલતી હતી તેને સામાજિક અવકાશ એના કોમવાદી હિંસાખોરીના કોમવાદીકરણના પડછાયા નીચે ઢાંકી દેવામાં આવી છે.

બહુમતીના આ આક્રમણોને કારણે લઘુમતીઓ બીજા દરજ્જાના નાગરિકો બની ગયા છે. આની પરાકાષ્ટા એમાં આવી કે શહેરી વિસ્તારોમાં મુસ્લીમ ઘેટોઝ તૈયાર થઈ ગયા અને આદીવાસી વિસ્તારોમાં ખ્રિસ્તીઓ ભયમાં મુકાઈ ગયા. આ સાથે ‘ સ્વર્ણિમ ગુજરાત ‘ નો વિચાર એટલે કે રોકાણકારો માટે ગુજરાત સ્વર્ગ છે એવી જાહેરાત સંચાર માધ્યમો દ્વારા કરવામાં આવે છે. આની સાથે વળી કામદારો અને આદીવાસીઓના અધીકારો દબાવી દેવામાં (છીનવી લેવામાં) આવે છે. જેથી ઉદ્યોગપતિઓને વિપુલ સંપતિ એકઠી કરવામાં છુટ્ટો દોર મળે.રતન ટાટાએ કહેલું તેમ ઉદ્યોગપતિઓએ ગુજરાતમાં હોવું જોઈએ અને તેથી અનિલ અંબાણી અને તેમના જેવા અન્ય ધુંરધરો નરેન્દ્ર મોદીને આદર્શ મુખ્ય મંત્રી તરીકે રજુ કરે છે અને તેઓ ભારતના ભવિષ્યના વડાપ્રધાન બનશે તેવી આગાહી કરે છે. એવું તારણ ઉભરે છે કે લઘુમતિ વિરુધ્ધની કત્લેઆમ ઉદ્યોગપતિઓ માટે ‘ સુંવાળું ‘ વાતાવરણ સર્જવા માટે અસરકારક રીતે હાથ ધરવામાં આવ્યું છે. લઘુમતીઓને દબાવી લોકતાંત્રિક મુલ્યોને પણ બાજુએ રાખી ‘ વિકાસ ‘ ની ભ્રમણા ઉભી કરવામાં આવી છે.

નરેન્દ્ર મોદીની અનેકવાર હિટલર સાથે તુલના થતી રહી છે. યહુદી વિરોધી તેમજ સામ્યવાદીઓ વિરોધી નિંદાત્મક ભાષણો કરી હિટલરે મોટા ઉદ્યોગપતિઓ માટે ‘આદર્શ ‘વાતાવરણ સર્જ્યુ એવું દેખાઈ રહ્યું છે કે મોદી ગુજરાતને એ જ રસ્તે લઈ ગયા છે.સૌથી પહેલાં તેમણે લઘુમતી વિરુધ્ધ કત્લેઆમ કરી માનવ અધીકારો છીનવી લીધા, એ પછી સામાજિક કર્મશીલોને દૈત્ય ગણાવ્યા અને હવે લોકતાંત્રિક અધીકારો માટે જે કોઈ થોડી પ્રવૃત્તિ રહી ગઈ છે તેને હાંસીયામાં ફેંકી દેવામાં આવી છે અને તેને અટકાવી દેવામાં આવી છે. સંવૈધાનિક માળખામાં રહીને માનવ અધીકાર માટે કામ કરતાં કાર્યકર્તાઓને નકસલવાદી ઠરાવી જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવે છે. આની પાછળનો હેતુ મોટા ઉદ્યોગપતિઓનો રસ્તો સાફ કરવાનો રહ્યો છે. માનવ અધિકારના મુદ્દાઓ પર કામ કરતાં કામદાવોની ધરપકડનો અર્થ એ ક ઉદ્યોગોના વિચારહિન વિકાસ માટે લાલ જાજમ પાથરવી અને સમાજના વંચિત વર્ગોને પગ નીચે કચડી નાંખવા. લાલ જાજમની નીચે જે છુપાયું છે તે કલ્યાણ રાજ્યનો, બિનસાંપ્રદાયિક રાજ્યનો અને એવા રાજ્યનો વિચાર છે જેમાં સઘળા લોકોના માનવ અધિકારની વાત આવે છે. અહીં. આપણને આરએસએસના વિચારક, એમ.એસ.ગોલવકકરનું ‘ બંચ ઓફ થોટ્સ‘ પુસ્તક યાદ આવશે. જેમાં તેઓ લખે છે કે મુસ્લીમો, ખ્રિસ્તીઓ અને સામ્યવાદીઓ હિંદુ રાષ્ટ્ર માટે આંતરિક ભયરૂપ છે, એવું લાગે છે કે તેમની સલાહને અનુસરીને પહેલાં મુસ્લીમોને પછી ખ્રિસ્તીઓને અને હવે સામાજિક કર્મશીલોને (સામ્યવાદના વિકલ્પ જેવા)નકસલવાદી કહીને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

ગુજરાતમાં બનેલા બનાવો આપણને દેશના એ રાજકીય વર્ગની ઉંડી ઘેરી યુક્તિ પ્રયુક્તિઓ બહાર આણી છે. જેઓ માનવ ચહેરા વગરના ઔદ્યોગીકરણને કાર્યાવિન્ત કરે છે. આ ઔદ્યોગીકરણ હાંસીયામાં ફેકાઈ ગયેલા વિભાગોના શરીરો પર થાયછે. હિટલરે બરાબર આવું જ કર્યુ હતું.ટુંકા ગાળામાં આવી નીતિ ખુબ આશાદાયી લાગે છે. પરંતુ ઈતિહાસમાંથી આપણે બેશક એટલું તો શીખ્યા જ છીએ કે એક વાર લોકતંત્રના ભંગના પ્રયત્નો હદ બહાર થવા માંડે ત્યારે પરિણામો બહુ સારા(આનંદ પમાડે તેવા)નથી હોતા.

હિટલરે એના જીવન દરમિયાન આ વાત શિખવાની ના કહી અન તેથી જ એને પોતાના માથા પર પિસ્તોલ ફોડવાનો વારો આવ્યો.જર્મનીએ એને પગલે ચાલવાનું જારી રાખ્યુ અને તેથી જ આર્થિક પ્રગતિનું કામચલાઉ ચિત્ર ઉભરાયું તેમ છતાં તેને છેવટે વિનાશનો સામનો કરવાનો આવ્યો.

આપણે ફરી એ વાત પાકે પાયે કરવી જોઈએ જે લોકો ‘ સમાજ પરિવર્તનના સાધન તરીકે હિંસાખોરીમાં’ માને છે તેમને માટે લોકતાંત્રિક પધ્ધિતમાં કોઈ જગા નથી. તો એ પણ સાચું છે કે આપણે એટલું સમજીએ કે જે રાજયમાં શાંતિપુર્ણ સામાજિક આંદોલનોને ચાલવા દેવામાં નથી આવતાં ત્યાં લોકતંત્રનો મૃત્યુઘંટ વાગી જાય છે !

રામ પુનીયાની ,મુંબઈની આઈઆઈટી ના ભુતપુર્વ પ્રોફેસર છે, અને હાલમાં ઓલ ઈન્ડીયા સેક્યુલર ફોરમના મંત્રી છે.

---

દરિયાઈ મુસાફરી માટે ઉપયોગમાં લેવાતા સૌથી વિશાળ જહાજ તરીકે ૧૯૩૮માં નિર્માણ પામેલું ક્વીન એલિઝાબેથ ક્રુઝ લાઈનર હતું.
૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઈટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.
ડીઝનીલેન્ડ અને ડીઝની સ્ટુડીયોના સ્થાપક વોલ્ટ ડીઝનીએ તેમની કારકીર્દીની શરૂઆત સમાચારપત્રમાં જાહેરખબરની ડીઝાઈન કરનારી વ્યક્તિ તરીકે કરી હતી.
વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**





**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# મોદી સરકાર દ્વારા અમદાવાદથી ઉપડતા હજયાત્રીઓના વિમાની ભાડામાં ધરખમ ઘટાડો : મુસ્લીમોનું તુષ્ટીકરણ વગર સશક્તિકરણ

મુસ્લીમોના તુષ્ટીકરણના આરોપ વચ્ચે હજ સબસીડી બંધ કરનાર મોદી સરકારે હજ યાત્રીઓ માટે વધુ એક યોજના જાહેર કરી છે.હજ સબસીડી નાબુદ કર્યા બાદ બે મહિનામાં જ સરકારે હજ યાત્રા માટે વિમાની ભાડામાં ઘરખમ ઘટાડો કરી દીધો છે. લઘુમતી બાબતોના મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ મહત્વનું પગલું ગણાવ્યુ છે . એટલું જ નહીં. નકવીએ તેનો યશ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આપ્યો હતો. સરકારે હજયાત્રાઓના વિમાન ભાડામાં કરેલો ઘટાડો એર ઈન્ડીયા, સાઉદી અરેબિયા અને ફલાયનેસ સહિતની એર લાઈન્સને લાગુ પડશે.ફલાયનેસ એરલાઈન્સ સાઉદીની એરલાઈન્સ છે. ભારતમાં ૨૧ એરપોપ્ટ પરથી જેહાદ અને મદિના રવાના થનારી ફ્લાઈટ માટે આ ઘટાડો લાગુ પડશે. આ પૈકી અમદાવાદથી આ વર્ષે જનારી હજયાત્રીઓની ફ્લાઈટનું ભાડું ૬૫,૦૧૫ રુપીયા રહેશે. જે ૨૦૧૩-૧૪માં ૯૮,૭૫૦ રુપીયા હતું. એજ રીતે મુંબઈથી હજયાત્રીઓની ફ્લાઈટનુ ભાડું ૫૭,૮૫૭ રહેશે. જે ૨૦૧૩-૧૪માં ૯૮૭૫૦ રુપીયા હતું.નકવીએ સરકારના આ પગલાંને મહત્વનો નિર્ણય ગણાવીને કહ્યુ કે તુષ્ટિકરણ વગર શસક્તિકરણની સરકારની નીતિને અનુરુપ આ નિર્ણય લેવાયો છે.કેટલાક નિર્ણયો ૨૦૧૯ ની આવનારી ચુંટણીઓને ધ્યાનમા રાખીને લેવામાં આવી રહ્યા છે.

જો કે હજયાત્રા માટે અપાતી સબસીડી અંગે કેટલીક બાબતો એવી છે  કે તેના પર લોકોએ ખાસ ધ્યાન આપ્યું નથી.એર ઈન્ડીયા સૌથી મોટી ખોટ કરતી સરકારની કંપની હતી.એર ઈન્ડીયામાં મફત મુસાફરી કરનારાઓમાં સંસદ સભ્યોને જે લાભ અપાતો હતો તે પણ એક ખોટ પૈકીનું કારણ હતું.એર ઈન્ડીયાનો સરકારી લાભો આપવા માટે દુરપયોગ કરાયો છે.એર ઈન્ડીયાના વિમાનો દ્વારા જ હજયાત્રીઓને લઈ જવા લાવવાની વ્યવસ્થા થતી હતી.જે લોકો સબસીડી મેળવતા હતા તેમને એર ઈન્ડીયાના વિમાનમાં જ પ્રવાસ કરવો પડતો હતો.જેથી સૌથી વધુ વિમાની પ્રવાસની આવક હજયાત્રીઓ દ્વારા એર ઈન્ડીયાને થતી હતી.હવે હજયાત્રીઓને માટે વિકલ્પો ખુલ્યા છે.તેથી એર ઈન્ડીયા સિવાયનો પણ ઉપયોગ થવા લાગ્યો છે. તેથી ખાસ મતોને આર્કષવા માટે સત્તાધારી પક્ષે હજયાત્રીઓને અપાતી સબસીડી બંધ કરવાનું આયોજન કર્યું છે.પરંતુ હજુ પણ મતોને મેળવવા માટે તેમણે વધુ એક વાર નવો દાવ ખેલ્યો છે. અને હજ જનારા લોકોને ટીકીટમાં કન્સેસન આપવામાં આવશે.જો કે સબસીડી કરતાં આ વધુ મોટો ફાયદો મુસ્લીમ સમાજને કરાવી અપાયો છે. પરંતુ દેખાડો હિદુ કટ્ટરતાવાદને ખુશ કરવાનો હતો તે પુરો થયો છે.

# રાજ્યના નવા કાયમી ડીજીપી તરીકે શિવાનંદ ઝાની નિમણુંક

ગુજરાત રાજ્યના ડીજીપી તરીકે ગુપ્તચર વિભાગના વડા શિવાનંદ ઝાને કાયમી ડીજીપી તરીકે સરકારે નિમણુંક આપી છે.જો કે સીનીયોરી પ્રમાણે ઝા હકદાર હતા પરંતુ તેમને પ્રમોશન અપાયું નહોતું. લોકસભાની ૨૦૧૯ની ચુંટણીઓને ધ્યાનમાં રાખીને તેમને ડીજીપી બનાવાયા છે.

બે વર્ષ સુધી શિવાનંદ ઝા ડીજીપીનો પદભાર સંભાળશે.પી.સી.ઠાકુર બાદ બે વર્ષે રાજ્યમાં કાયમી ડીજીપીની નિમણુંક થઈ છે.૧૯૮૩ની બેચના મુળ બિહારના શિવાનંદ ઝા ૨૦૨૦ સુધી રાજ્યના ડીજીપી તરીકે રહેશે. અગાઉ તેઓ અમદાવાદ અને સુરત પોલીસ કમિશ્નર પદે, લો એન્ડ ઓર્ડરના એડિશનલ ડીજીપી તરીકે અને ગોધરકાંડ વખતે અમદાવાદના સંયુક્ત પોલિસ કમિશ્નર રહી ચુકયા છે.રાજ્યના પોલીસવડાનો પદભાર સંભાળનાર ઝાએ રાજયમાં મહિલાઓની સુરક્ષાની બાબતને વધારે ભાર આપ્યો હતો.તેઓ અમદાવાદ શહેરના સુંયક્ત પોલીસ કમિશ્નર હતા ત્યારે તેમણે મહિલા સ્કવોર્ડ બનાવી હતી.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


# હેપ્પી વુમન્સ ડે

થોડા દિવસ પહેલાં હિરોઈન શ્રીદેવીના મૃત્યુના સમાચાર આપણને મળ્યા.તેના વિશેની અનેક જાણકારી આપણને ન્યુઝપેપરમાં તથા ટી.વી.ના માધ્યમ દ્વારા પ્રાપ્ત થઈ. તેમાં ખાસ બાબત એ હતી કે એને ખાસ્સી હાઈલાઈટ પણ કરવામાં આવી હતી.તે પ્રથમ ફીમેલ સુપરસ્ટાર હતી કે જેને મેલ હિરો જેટલું મહેનતાણું આપવામાં આવતું હતું.સામાન્ય રીતે સુપરસ્ટારને બીજા હિરો કે હિરોઈન કરતાં વધારે મહેનતાણું અપાતું હોય છે.કારણ સુપરસ્ટાર એટલે એવા હીરો કે હિરોઈન જે પોતાના નામથી ફિલ્મને ચલાવી શકે, કમાણી કરાવી શકે,નફો કરાવી શકે કે જેથી તેમાં રોકેલા નાણાંનું વળતર યાની નફો વધારે મળે અને કોઈને નુકશાન વેઠવું ના પડે.બેઝીકલી આ એક ઉદ્યોગ છે જેમાં લોકો કમાણી કરવા માટે આવતા હોય છે.અનેક લોકોના ઘર ચાલતા હોય છે.એટલે આ બધી બાબતો ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.અને તે પ્રમાણે મહેનતાણું અપાતું હોય છે.

જો કે અહીંયા પણ અન્ય ક્ષેત્રોની જેમ જ મહેનતાણુ ‘મેલ હીરો’(પુરુષ અભિનેતા) જેટલું અપાય છે.’મેલ સુપરસ્ટાર’ જેટલું નહીં.બીજા નોકરીના, કામના સ્થળોની જેમ જ અહીયા પણ મેલ-ફીમેલ પુરુષ કર્મચારી સ્ત્રી કર્મચારી વચ્ચે વેતનની અસમાનતા દેખાઈ આવે છે.

વર્ષોથી બીજા અનેક ભેદભાવની જેમ જ વેતન-મહેનતાણું-પગારની બાબતમાં પણ આ ભેદભાવ (સ્ત્રી-પુરુષ) જોવા મળે છે.અસંગઠિત તથા ખાનગી ક્ષેત્રમાં મહિલા કર્મચારીને પુરુષ કર્મચારી કરતાં હંમેશા મહેનતાણુ ઓછુ આપવામાં આવે છે.તેના કારણમાં મહિલાની કામ કરવાની ક્ષમતા પુરુષ કરતાં ઓછી ગણવામાં આવે છે. પછી ભલે તે પુરુષ જેટલા જ કલાકો કામ કરતી હોય કે તેનાથી વધારે કલાક કાર્યસ્થળે રોકાતી હોય. સૌથી ખરાબ સ્થિતિ ખેતમજુરી કરતી,ખળીમાં કામ કરતી, છુટક મજુરી કરતી, બાંધકામના વ્યવસાયમાં કામ કરતી મહિલાઓની જોવા મળે છે. ભાગ્યે જ તેમને નક્કી કરેલ પગાર મળતો હોય છે. જો કે પુરુષ કર્મચારીની પણ આજ પરિસ્થિતિ હોય છે.પણ મહિલાને માટે પરિસ્થિતિ એટલા માટે વધારે ખરાબ હોય છે કે તેને તે મેળવવા માટે પણ શારીરીક શોષણનો અત્યાચાર સહન કરવો પડે છે.સૌથી દયનીય હાલત ઘરે રહેતી તથા ઘરનું કામ કરતી ગૃહિણીની હોય છે. કારણકે આર્થિક ઉપાર્જનમાં તેના કાર્ય થકી બચતાં નાંણાને ગણત્રીમાં લેવામાં આવતા નથી.કારણ તેના ૨૪ કલાક ગુણ્યા ૭ દિવસના કાર્યને કશું જ કરતી નથી એવું લેબલ લગાડવામાં આવેલું છે.તેના ઘરના આ બધા કાર્ય મહત્વહિન ગણાય છે. એટલે જ ભલે તે ‘ઘરની રાણી’ ગણાતી હોય,પરંતુ નાંણાકીય રીતે તેને ઘરના પુરુષ વર્ગ ઉપર આધાર રાખવો પડે છે.તેની આ કાર્યની સદંતર ઉપેક્ષા કરવામાં આવે  છે.

પુરુષના જેટલી જ અરે કોઈક સમયે તો પુરુષ કરતાં પણ વધારે જવાબદારી ઉઠાવતી હોવા છતાં વેતનની અસમાનતાનું કારણ પુરુષની સ્ત્રીને જોવાની માનસિકતાને કારણે ચે.પુરુષ સ્ત્રીને પોતાની સમકક્ષ ગણતો નથી. તે તેને પોતાનાથી ઉતરતી યાની સેકન્ડ સેક્સ ગણતો હોય છે. અટલે જ અન્ય બાબતોની જેમ સરખા કાર્યભારમાં પણ તે તેને ઓછુ વેતન આપની અપમાનની લાગણીનો અનુભવ કરાવતો હોય તેવું બની શકે. જો કે અનેકના માટે રોલમોડેલ બની રહેતી મહિલાઓ જ્યારે આ બધું ચલાવી લે, શોષણનો વિરોધ ના કરે તે દુઃખદાયક છે. જો કે હવે પરિસ્થિતિ બદલાઈ છે. અને આ ક્ષેત્રની મહિલાઓ પણ અવાજ ઉઠાવવા લાગી છે. અને તેની શરુઆત હોલીવુડ ફિલ્મ ઉદ્યોગથી થઈ ગઈ છે. તો અન્ય ક્ષેત્રે પણ મહિલાઓ સંગઠિત બનીને આનો વિરોધ કરવા લાગી છે તો મહિલાઓ માટે કાર્યરત સંસ્થાઓ દ્વારા પણ તેમને તેમના હક્કનુ મળી રહે તથા કાર્ય સ્થળે તેમનુ શારીરીક શોષણ ના થાય તે માટે પ્રયત્ન ચાલી રહ્યા છે.અને તેમાં પણ ખાસ કરીને ન્યુનતમ વેતન મેળવતી મહિલાઓ જેવી કે સફાઈ કર્મચારી,ખેતમજુર, ખળીમાં કામ કરતી, છુટક કામ કરતી આવી અને મહિલાઓને તેમના કામનું યોગ્ય વળતર મળી રહે તેનું ધ્યાન રાખે છે.

મનગમતું- રાણીની જેમ રહો, રાણી ક્યારેય પરાજયથી ડરતી નથી.નિષ્ફળતા મહાન બનવા માટેનું એક બીજું પગલું છે : ઓપ્રાહ વિન્ફ્રે, અમેરિક ટીવી શોના એન્કર, હેપ્પી વુમન્સ ડે :

- અન્નપુર્ણા મેકવાન,ગાંધીનગર

## જાણવા જેવું

વ્હાઈટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ  રહે છે. વ્હાઈટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદે તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.૧૯૦૨માં તેનું નામકરણ વ્હાઈટ હાઉસ કરવામાં આવ્યું.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી  એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક,  પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર,  અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.